**સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૬**
**આંક –૧૫૪**

| સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૬ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 19 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ફીરોજખાન હેદરખાન નાગોરી | | | |
| ધર્મ | મુસ્લીમ | | મોબાઈલ નંબર | 9601166792 |
| ઉંમર આશરે | ૫૦ | વરસની | ધંધો | ડ્રાઈવીંગ |
| રહેવાનુ | પાલનપુર કંસારા શેરી પાલનપુર, તા.પાલનપુર | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) આજથી ૨૦૧૬માં વર્ષના અરસામાં સીમલા ગેટ સીવીલ હોસ્પિટલના ગેટ પાસે મારી રીક્ષા લઈને ઉભો હતો ત્યારે પોલીસે હોસ્પિટલના ગેટ પાસે મને એક કાગળમાં સહી કરવાનું કહેતા એક લખેલા કાગળ ઉપર મે મારી પંચ તરીકે સહી કરેલી. પોલીસે મને કોઈ વ્યકિત બતાવેલ ન હતો અને હું કોઈ જીતેન્દ્રકુમાર કાંતીલાલ પટેલ રહે.અમદાવાદવાળાને ઓળખતો નથી અને પોલીસે મને સીવીલ હોસ્પિટલ લઈ ગયેલ હોય અને ત્યાં અંદરના દર્દી તરીકે બીજો આરોપી કલ્પેશભાઈ પ્રહલાદભાઈ પટેલ રહે. મહેસાણાવાળો દાખલ હોય અને તેને અમારી પંચોની હાજરીમાં કંઈ પુછેલ હોય તેવુ બનેલ નથી અને આ આરોપીઓએ મારી હાજરીમાં કોઈ ગુનાવાળી જગ્યા બતાવેલ હોય તેવુ બનેલ નથી. મારી હાજરીમાં કોઈ પંચનામુ થયેલ નથી અને હું પંચનામા વિશે જાણતો નથી.

મને માર્ક:૨૬/૧૧વાળું પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ <u>**આંક:૧૫૫**</u> આપવામાં આવે છે.

સાહેદની સહી............................

**હોસ્ટાઈલ**

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે, તા.૨૯/૮/૨૦૧૬ના રોજ સાંજના ૧૯:૩૫ વાગ્યાના સુમારે પોલીસે અમો પંચ તરીકે પોલીસના બોલાવાથી સીવીલ હોસ્પિટલ પાલનપુર હાજર થયેલા. ત્યાં પોલીસે અમોને એક ઈસમ બતાવેલ જેનું નામ ઠામ અમો પંચોની હાજરીમાં પુછતા પોતાનુ નામ જીતેન્દ્રકુમાર કાંતીલાલ પટેલ રહે.અમદાવાદવાળાઓ હોવાનું જણાવેલ હતુ તથા બીજા આરોપી કલ્પેશભાઈ પ્રહલાદભાઈ પટેલ રહે. મહેસાણા બંન્ને આરોપીઓએ અમો પંચોની હાજરીમાં ડોકટર રાજેશ મહેતાનું જે જગ્યાએથી અપહરણ કરેલ તે જગ્યા બતાવતા હતા. બંન્ને આરોપીઓને અમો પંચોની હાજરીમાં પુછતા તેમજ તેઓને મહેસાણા પટેલ નગરમાં આરોપી કલ્પેશના બંગલાથી સેન્ટ્રો કારમાં બેસી ગુનાની શરૂઆત તા.૧૯/૮/૧૬ના રોજ કરેલ હતી અને પીછો કરી અપહરણ કરેલુ અને રાજેશ મહેતાને જે જગ્યાએ બાંધેલ તે જગ્યાએ અમો પંચો રૂબરૂ બતાવાનું કહેતા અમો પંચો સાથે પોલીસવાનમાં બેસી તા.૨૯/૮/૧૬ના ૧૪:૦૦ વાગે રવાના થયેલ હતા અને જયાં ડોકટર રાજેશ મહેતાનુ અપહરણ કરી લઈ ગયેલ તે આરોપીઓના કહેવા મુજબ આરોપીઓએ મહેસાણાથી ઉંઝાનો રસ્તો બતાવી ઉંઝા

સાહેદની સહી.............................

ચાર રસ્તાથી ખળી ચાર રસ્તા થઈ પાટણ જિલ્લાની હદમાં પ્રવેશેલા ત્યાંથી ધારપુર મેડીકલ કોલેજના ગેટના નંબર ૧ પાસે પ્રોફેસર રાજેશ મહેતાની વેગેનર કાર જે ઉભી હતી તે જગ્યાએથી પશ્ચિમે ઉભી હતી અને ત્યાંથી તેનુ અપહરણ કરેલ. એ વાત ખરી નથી કે સદર પંચનામું મારી હાજરીમાં થયેલ હોવા છતાં આરોપીને બચાવવા સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું.

**<u>આરોપીનં.૧,૩,૪ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી..ડી.જે.તિવારી..</u>**

(૨) ઉલટતપાસ નથી.

**<u>આરોપીનં.૫ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી..એ.એસ.ચાવડા..</u>**

(૩) ઉલટતપાસ નથી.

**વિશેષ ઉલટતપાસ નથી,**
**ફેર તપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૯/૦૩/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી............................